વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

ખોટા ઈનપુટ ટેક્સ ક્રેડીટ લેતા ૩ એકમો સામે કાર્યવાહી

ખોટા ઈનપુટ ટેક્સ ક્રેડિટ લેતા વેપારીઓ સામે કાર્યવાહી સંદર્ભે વિધાનસભા ગૃહમાં માણસાના ધારાસભ્યએ રજુ કરેલા પ્રશ્નના ઉત્તર સંદર્ભે નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલે આપેલા જવાબમાં જણાંવાયા મુજબ જિલ્લામાં વર્ષ ૨૦૧૯ આવા ૩ એકમો સામે કાર્યવાહી કરવામાં આવી છે. જેના અંતે રૂ ૫૯.૯૬ લાખની ખોટી ઈનપુટ ટેક્સ ક્રેડીટ પકડાઈ છે. જયારે આ બદલ વેપારીઓ સામે કાયદેસરની કાર્યવાહી પણ કરવામાં આવી છે.

- **બાલસખા યોજના અન્વયે ૫૨૯૯ બાળકોને સારવાર ૧૭ ના મૃત્યુ**

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં બાલસખા યોજના અન્વયે નવજાત જન્મેલા કેટલા બાળકોની સારવાર કરવામાં આવી ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડો સી જે ચાવડાના પ્રશ્ન સંદર્ભે નાયબ મુખ્યમંત્રીએ આપેલા ઉત્તરમાં જણાવ્યા મુજબ ગાંધીનગર જિલ્લામાં બે વર્ષમાં કુલ ૫૨૯૯ બાળકોને સારવાર આપવામાં આવી હતી. જયારે આ પૈકી ૧૬ જેટલી ખાનગી હોસ્પિટલને રૂ ૧.૮૨ કરોડ ચુકવાયા છે. જયારે આ દરમિયાન ૧૭ બાળકોનુ મૃત્યુ થયુ છે.

- **બે વર્ષમાં અનુસુચિત જાતિના લાભાર્થીઓને ૭૭૭ વિજજોડાણ અપાયા**

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં રૂ ૧૪૮૬.૭૮ લાખના ખર્ચે નવા ૭૭૭ વિજજોડાણ આપવામાં આવ્યા છે. અનુસુચિત જાતિના લાભાર્થીઓને અગ્રતાના ધોરણે કૃષિ વિષયક વિજજોડાણો આપવા સંદર્ભે વિધાનસભા ગૃહમાં પુછાયેલા પ્રશ્નના પ્રતિઉત્તરમાં ઉર્જામંત્રી સૌરભ પટેલે જવાબમાં જણાંવ્યુ હતુ કે સરકારના નિર્ધાર છે કે રાજયનુ એક પણ ગામ કે કોઈ એક પણ છેવાડાનો વિસ્તાર વિજળીની સુવિધા વિનાનો ન રહે તે દિશામાં મકક્મતાથી કાર્યવાહી કરવામાં આવી રહી છે. જયારે વધુમાં વધુ વિજજોડાણો આપી ગરીબો અને ખેડુતોને સુધી વિજ સેવા પુરી પાડવામાં આવી રહી છે. ૩૧ ડિસેમ્બર વર્ષ ૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અનુસુચિત જાતિના લાભાર્થીઓને અગ્રતાના ધોરણે કૃષિ વિષયક વિજ જોડાણ આપવાની યોજના હેઠળ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ રૂ ૧૪૮૬,૭૮ લાખના ખર્ચે ૭૭૭ નવા વિજ જોડાણો આપવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં પક્ષીઓનું અનેરૂ વૈવિધ્ય જોવા મળે છે. શહેર હોવા છતાં અહીં પ્રાણીઓ અને પક્ષીઓની ખૂબ અવરજવર રહે છે તેનું એક મોટુ કારણ છે અહીંના વૃક્ષો અનેક વૃક્ષો કપાયા હોવા છતાં હજુ અહીં વૃક્ષોનું વૈવિધ્ય ખૂબ જોવા મળે છે. તે આપણુ સૌભાગ્ય છે. આવુ જ સૌભાગ્ય આપણને આજીવન મળતુ રહે અને અહીં કોકીંટનું નહી પરંતુ વિવિધ વૃક્ષોનું જંગલ હર્યુભર્યુ રહે તેવી પ્રાર્થના પરમકૃપાળુ પરમાત્મા પાસે છે. તસ્વીરમાં એક લક્કડખોદ શહેરના એક વૃક્ષને કોતરી પોતાનો આશરો બનાવી રહ્યો હોવાનું દેશ્યમાન થઈ રહ્યું છે.

ગાંધીનગરમાં ૩૫૬૩ ખાલી પ્લોટ જ ઉપલબ્ધ : નીતિન પટેલ

સરકાર પાસે ૮,૧૦,૬૭૭ ચો.મી.માં ખાલી પ્લોટ ઉપલબ્ધ : સેક્ટરોના રિડેવલપમેન્ટ થકી જમીન ઉપલબ્ધિ માટેના પ્રયાસ કરી રહી હોવાની લોક ચર્ચાએ જોર પકડ્યુ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરમાં હવે માત્ર ૩૫૬૩ ખાલી પ્લોટ ઉપલબ્ધ છે તેમ રાજયના માર્ગ-મકાન વિભાગનો હવાલો ધરાવતા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે શહેરી વિસ્તારમાં વિવિધ સેકટરોમાં સરકાર પાસે હવે ૮૧૦૬૭૭.૭૦ ચો.મી.ના ૩૫૬૩ પ્લોટ જ ઉપલબ્ધ છે.

જેમાં સૌથી વધુ ૯૦ ચો.મી.ના ૯૧૯, ૩૩૦ ચો.મી.ના ૫૭૬, ૨૦૦ ચો.મી.ના ૪૭૧, ૮૧ ચો.મી.ના ૩૯૪ ૫૦૪ ચો.મી.ના ૩૪૯, ૧૩૫ ચો.મી.ના ૫૬૧ પ્લોટ છે.

આ ઉપરાંત ૫૦ ચો.મી.ના ૪૧, ૭૦ ચો.મી.ના ૬૯, ૨૫૦ ચો.મી.ના ૯૬, ૭૫૦ ચો.મી.ના ૫૩, ૯૫૦ ચો.મી.ના ૨, ૧૧૫૦ ચો.મી.ના ૨૭ અને ૧૬૫૦ ચો.મી.ના ૫ પ્લોટ ખાલી પડ્યા છે.

ગાંધીનગર શહેરમાં ખાલી પ્લોટોની સંખ્યા ઘટી રહી છે. બીજી તરફ ગાંધીનગર શહેરમાં જમીનના ભાવ પણ આસમાને પહોંચ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

મનપા તંત્ર અને નગરજનો વચ્ચે કોમ્યુનિકેશન ગેપ બહુ જ છે : ચાવડા

લોકોને ખબર જ નથી મનપા શું કરે છે, પારદર્શી વહીવટ માટે તંત્ર સજ્જ છે પણ જાણકારીના અભાવે લોકોની સમસ્યા વધી છે ત્યારે યુનિવર્સલ એપ અને વેબ પોર્ટલ બનાવવા સ્થાયી ચેરમેનની માંગ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મનપા તંત્ર અને પ્રજાજનો વચ્ચ કોમ્યુનિકેશન ગેપ હોવાનો એકરાર આજે સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાએ લખેલા પત્રમાં અભિવ્યક્ત થતાં શહેરના રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે.

સ્થાયી સમિતિના ચેરમેને લખેલા પત્રમાં ગાંધીનગર મનપાની સેવાઓને સંલગ્ન યુનિવર્સલ એપ તથા વેબ પોર્ટલ બનાવવાની માંગ મ્યુનિ. કમિશ્નરને એક પત્ર લખીને કરી છે.

તેમણે તેમના આ પત્રમાં પ્રજા અને તંત્ર વચ્ચે સંવાદના અભાવને લઈ ઉભી થયેલી તિરાડો સામે પણ અંગુલિનિર્દેશ કરી અને પ્રજા માનસમાં ઉભી થયેલી સમસ્યાઓને ટાંચા સાધનો વચ્ચે તંત્રમાં કેવી અટવાયેલી પડી છે તેનો પણ ઉલ્લેખ કર્યો છે.

તેમણે વોર્ડ ઓફિસો ક્યાં આવેલી છે ત્યાં કેવા પ્રકારની સેવાઓ ઉપલબ્ધ છે તેની જાણકારી પણ પ્રજાજનોને નથી.

મનપાના જનસેવા કેન્દ્રમાં કઈ સેવાઓ કેટલા દિવસમાં તેનો ઉકેલ તેની જાણકારી પણ લોકોને નથી. રખડતા પશુઓની સમસ્યા હોય કે ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શનની વાત હોય કે પછી કુતરાઓના મોતની વાત હોય ક્યાં સંપર્ક કરવો તેની પણ વિગતો લોકો પાસે ઉપલબ્ધ નથી.

આ પરિસ્થિતિમાં લોકોને સાચી અને પારદર્શી સેવાઓ મનપાની લોકો સુધી પહોંચે તે માટે યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ. આજનો દિવસ એ લોકસ્વરાજયની માંગ સાથે આરંભાયેલ દાંડીયાત્રાનો દિવસ છે ત્યારે આપ ઝડપથી નિર્ણય લઈ આગળ વધો તે જ સમયની માંગ છે એમ મારૂ માનવુ છે તેવુ પણ સ્થાયી સમિતિના ચેરમેને તેમના પત્રમાં લખ્યુ છે.

છેલ્લા બે વર્ષમાં ૧૫૯ બાળકોને હૃદય અને ૭૪ ને કીડનીની તકલીફ

શાળા આરોગ્ય ચકાસણી દરમિયાન ૭ કેન્સરના બાળ દર્દીઓને પણ ખાનગી હોસ્પિટલમાં સારવાર

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ અન્વયે ૬૨૩૨૧૮ બાળકોની તપાસ કરવામાં આવી છે. જયારે આ પૈકી ૧૫૯ બાળકોને હદયની તકલીફ હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે ૭ કેન્સરના બાળ દર્દીઓ પણ માલુમ પડયા છે. ગંભીર બિમારી ધરાવતા બાળકોને રાજય સરકાર દ્વારા હોસ્પિટલોમાં વિના મુલ્યે સારવાર પુરી પાડવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. વિધાનસભા ગૃહમાં આજે દસક્રોઈના ધારાસભ્યએ શાળા આરોગ્ય ચકાસણી અન્વયે બાળકોની આરોગ્ય તપાસનો પ્રશ્ન રજુ કર્યો હતો જેના જવાબમાં નાયબ મુખ્યમંત્રીએ આપેલા ઉત્તરમાં જણાવ્યુ હતુ કે બે વર્ષ દરમિયાન કુલ ૬૨૩૨૧૮ બાળકોની સારવાર આપવામાં આવી છે. જયારે આ પૈકી ૧૫૯ને હદય રોગની, ૭૪ બાળકોને કીડનીની અને ૭ બાળકોને કેન્સરની તકલીફ હોવાનુ ધ્યાને આવ્યુ હતુ .જયારે ગંભીર બીમારી

ધરાવતા બાળકોને સારવાર આપવા સરકારે શુ વ્યવસ્થા કરી તેવા પેટા પ્રશ્નના જવાબમાં તેમણે જણાંવ્યુ હતુ કે ગંભીર બિમારી ધરાવતા બાળકાને અમદાવાદની યુ એન મહેતા હોસ્પિટલ, કીડની ડીસીસ અને રીસર્ચ સેન્ટર તેમજ એમ પી શાહ કેન્સર હોસ્પિટલ અમદાવાદમાં સારવાર આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

જિલ્લામાં 'મા' વાત્સલ્ય કાર્ડના સૌથી વધુ લાભાર્થી

ગાંધીનગર, તા. ૧૨

રાજય સરકારે આરોગ્ય ક્ષેત્રે અમલી બનાવેલ મા અમૃતમ કાર્ડ, મા વાત્સલ્ય કાર્ડ તેમજ આયુષ્યમાન યોજનામાં સૌથી વધુ લોકપ્રિય અને વધુ વપરાતા કાર્ડ 'મા' વાત્સલ્ય કાર્ડ રહ્યુ છે.

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ આ યોજનાના જિલ્લામાં લાભાર્થીઓની સંખ્યાને લઈ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં આ વિગતો બહાર આવી છે.

મા અમૃતમ કાર્ડનો ઉપયોગ જિલ્લામાં બે વર્ષ દરમ્યાન જોઈએ તો ૨૦૧૮માં ૧૦૫૮ અને ૨૦૧૯ના વર્ષમાં ૧૬૪૯ લાભાર્થીઓએ લાભ લીધો છે.

મા વાત્સલ્ય કાર્ડનો ૨૦૧૮માં જિલ્લામાં ૧૩,૪૧૪ અને ૨૦૧૯માં ૧૭,૬૨૭ લાભાર્થીઓએ લાભ લીધો છે.

જયારે પ્રધાનમંત્રી આયુષ્યમાન કાર્ડનો ૨૦૧૮માં માત્ર ૫૦ લાભાર્થીઓએ અને ૨૦૧૯માં ૧૯૩૩ લાભાર્થીઓએ લાભ લીધો છે.

મા અમૃતમ કાર્ડ તત્કાલીન મુખ્યમંત્રી આનંદીબેન પટેલે લાગુ કર્યા હતા આ પછી બીજા વર્ષે આવક મર્યાદા વધારી મા વાત્સલ્ય કાર્ડની યોજના રજુ કરી હતી.

કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી આયુષ્યમાન કાર્ડ યોજના લાગુ

● અનુસંધાન પાન-૭ પર

મનપાના આઉટ સોર્સિંગના કર્મયોગીઓ ત્રણ મહિનાથી પગારથી વંચિત

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મહાનગર પાલિકાના આઉટ સોર્સિંગના કર્મચારીઓનો ત્રણ માસથી પગાર ન થતાં આ કર્મયોગીઓના પરિવારમાં ઉભી થયેલી આર્થિક સંકડામણને લઈ આજે કોંગીના કાઉન્સીલર હસમુખ મકવાણાએ કમિશ્નરને એક પત્ર લખી આ પરિવારો માટે વચલો રસ્તો શોધવા માંગ કરી છે તેમજ પરિવારોને તાત્કાલિક રાહત થાય તે પગલાં લેવા પત્રમાં કહ્યું છે.

મકવાણાએ લખેલા પત્રમાં જણાવ્યુ છે કે આઉટ સોર્સિંગના નામે એક તો પગાર ઓછો મળે એટલુ જ નહિ પણ મધ્યમ વર્ગના લોકો આઉટ સોર્સિંગમાં કામ કરવા આવે છે ત્યારે આ મુદ્દે સરકારે પણ જરૂર પડયે દરમ્યાનગીરી કરવી જોઈએ તેવી લાગણી વ્યક્ત કરી છે.

મહાનગરપાલિકામાં આઉટ સોર્સિંગ એજન્સીના ટેન્ડરના મુદ્દે ૪ વખત તે કેન્સલ કરવામાં આવ્યા છે. એક તબક્કે સ્થાયી સમિતિએ ટેન્ડરની મુદત પૂર્ણ થવામાં હોય તેના ત્રણ માસ પૂર્વે નવી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવી જોઈએ તેવી સૂચના આપી હતી.

ભાજપના જ એક વગદાર નેતા જ આઉટ સોર્સિંગ એજન્સી ચલાવી રહ્યા છે. હવે આ મુદ્દો રાજકીય રીતે પણ ગરમાયો છે.

શક્તિસિંહ અને ભરતસિંહ કોંગ્રેસના ઉમેદવાર જાહેર

બંને આજે ઉમેદવારીપત્ર દાખલ કરવા તૈયાર : ભારે ગુપ્તતા સાથે કોંગ્રેસના ઉમેદવાર

અમદાવાદ,તા.૧૨

રાજ્યસભાની ચૂંટણી માટે અટકળોનો દોર વચ્ચે આજે કોંગ્રેસ તરફથી પણ બે

ઉમેદવારના નામજાહેરા કરી દેવામાં આવ્યા હતા જેના ભાગરુપે કોંગ્રેસ તરફથી શક્તિસિંહ અને ભરતસિંહના નામની જાહેરાત કરવામાં આવી હતી. આ બંને આવતીકાલે ઉમેદવારી પત્ર ભરવાના છેલ્લ દિવસે ઉમેદવારી નોંધાવશે. ઉમેદવારને લઈને પસંદગી માટે જોરદાર કવાયત ચાલી રહી હતી. જુદા જુદા નામ ઉપર ચર્ચાઓ ચાલી રહી હતી. રાજયસભાની ચૂંટણી માટે ઉમેદવારોની નોંધાવવા આવતીકાલે ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ છે. કોંગ્રેસના ધારાસભ્યો ઋત્વિક મકવાણા, બળદેવજી ઠાકોર સહિતના નેતાઓ અને આગેવાનોએ પ્રદેશ કોંગ્રેસ કચેરી પહોંચી પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાને મળીને ઉમેદવાર સંદર્ભે રજૂઆત કરી હતી. સાથે સાથે બહારના ઉમેદવારને લઈ બળાપો ઠાળવ્યો હતો. સાથે સાથે રાજીવ શુકલા જેવા બહારના ઉમેદવારને બદલે ગુજરાતના સ્થાનિક ભરતસિંહ સોલંકી સહિતના સિનિયર નેતાઓને રાજયસભાની ઉમેદવારી આપવા ઉગ્ર માંગણી કરવામાં આવી હતી.

આમ, કોંગ્રેસમાં ફરી એકવાર આંતરિક નારાજગીનો સૂર સામે આવ્યો હતો. કોંગ્રેસમાં નારાજગીના સૂર સામે આવ્યા બાદ ગુજરાત કોંગ્રેસના મોવડી મંડળ દ્વારા કોંગી હાઈકમાન્ડ, દિલ્હી સમક્ષ પણ આ મામલે ધ્યાન દોરી રજૂઆત કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

ધો-૧૦ સીબીએસમાં ગણિતના બેઝિક પેપરમાં વિદ્યાર્થીઓ મુંઝાયા

ગાંધીનગર તા ૧૨

ધો-૧૦ માં સી બી એસ સી બોર્ડ પરીક્ષામાં આજે ગણિતનુ પેપરમાં મોટાભાગના પ્રશ્નો એન સી ઈ આર ટી આધારિત રહ્યા હતા. આ વર્ષે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજયુકેશન સી બી એસ સી ધો -૧૦ નુ ગણિતનુ પ્રશ્નપત્ર સૌ પ્રથમવાર સ્ટાન્ડર્ડ અને એના વિકલ્પ સ્વરૂપે બેઝિક સ્વરૂપે મુકાયુ હતુ. બોર્ડે અગાઉથી સ્પષ્ટતા કરી હતી કે બેઝીક પેપરમાં પ્રશ્નો પ્રમાણમાં સરળ પુછવામાં આવશે. જો કે બન્ને પેપરનો અભ્યાસક્રમ સમાન રહેશે એમ પણ જણાંવાયુ હતુ. આ અંગે ચેમ્પસ એકેડમીના ડાયરેકટર અને વિષય નિષ્ણાંત કેવલ ત્રિવેદીએ જણાવ્યા મુજબ સી બી એસ સી બોર્ડે જાહેર કરેલી પેટર્ન મુજબ ગણિતના બેઝિક અને સ્ટાન્ડર્ડ બન્ને પેપર નિકળ્યા હતા. સ્ટાન્ડર્ડ પેપર કરતા બેઝિક પેપર પ્રમાણમાં સરળ હોવાની ધારણા મહદ અંશે સાચી પુરવાર થઈ છે. જો કે બેઝિક પેપરના કેટલાક પ્રશ્નોએ વિદ્યાર્થીઓને મુંઝવ્યા હતા. વધુમાં બન્ને પેટર્નના ગણિતના પેપરમાં ચાર વિભાગમાં ૪૦ ગુણના પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. જૈ પૈકી વિભાગ એ માં એક ગુણના ૨૦, વિભાગ બી માં બે ગુણના ૬, વિભાગ સી માં ત્રણ ગુણના આઠ અને વિભાગ ડી માં ચાર ગુણના ૬ પ્રશ્નો પુછવામાં આવ્યા હતા.

સ્ટાન્ડર્ડ પેપર વિદ્યાર્થીઓ માટે સરળ પુરવાર થયુ : વિષય નિષ્ણાંત કેવલ ત્રિવેદી

જો કે સ્ટાન્ડર્ડ પેપર વિભાગ સીના ત્રણ માર્કના પ્રશ્નો પૈકી બે પ્રશ્નો જે વિદ્યાર્થીઓ સમજીને જવાબ આપે તો સાચા ઉત્તરો મળી શકે તેવા હતા. બેઝિક પેપરની પરીક્ષાના વિદ્યાર્થીઓને પેપર થોડુ મુશ્કેલ લાગ્ય હતુ. જયારે સ્ટાન્ડર્ડ પેપર વિદ્યાર્થીઓ માટે સરળ પુરવાર થયુ હતુ. કુલ ૧૮ લાખ વિદ્યાર્થીઓએ ધો -૧૦ ની સી બી એસ સી બોર્ડની પરીક્ષા આપી હતી.

બાળકોને વૈજ્ઞાનિક શિક્ષણ માટે વિક્રમ સારાભાઈ સાયન્સ સેન્ટરની સાથે કરાર

અમદાવાદ,તા. ૧૨

બાળકોને વૈજ્ઞાનિક શિક્ષણ માટે કાર્યરત વાહ સંસ્થા દ્વારા ધોળકા તાલુકાની ૭૦ અને હાલોલ તાલુકાની ૧૩૫ સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ દત્તક લઈ આ શાળાઓના બાળકોમાં વૈજ્ઞાનિક વલણોનો વિકાસ થાય તે હેતુથી લર્નીંગ બાય ડુઈંગના સિદ્ધાંત અનુસાર બાળકો, જાતે પ્રયોગ કરી પોતાના અનુભવમાંથી શીખે તે હેતુથી વૈજ્ઞાનિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત આ ૨૦૫ શાળાઓના લગભગ ૪૫ હજારથી વધારે બાળકો વાહ સંસ્થા દ્વારા અપાયેલ વૈજ્ઞાનિક કીટનો ઉપયોગ કરી વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાં આવતા પ્રયોગો જાતે કરી અનુભવથી શીખતા થયા છે.

આ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક સંશોધનાત્મક વલણોના વિકાસ જોવા માટે થોડા સમય પહેલાં હાલોલની કલરવ હાઈસ્કુલ ખાતે વિજ્ઞાન પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. જેમાં વિજેતા વિદ્યાર્થીઓને અમદાવાદ બોલાવી વિક્રમ સારાભાઈ કમ્યુનિટી સાયન્સ સેન્ટરમાં

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com